સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

વિધાનસભા-સંસદ ગુન્હેગારોના તાબે છે,
પટાવે છે પૂંછ 'ન્યાય' પણ એમના દાબે છે!!
થાબડે પીઠ એકમેકની તે તાળી - તબોટા,
ને નિઃસહાય નિર્ભયાઓ રડે ખોબેખોબે છે
(૧૬૦ સદસ્યો ગુનેગાર યાદીમાં)

હાઈકુ

સત્તા રસિકો
કોઈને 'રસ' નથી
હાથરસમાં !?

ઉજવાય છે!
લ્યો ! 'દુષ્કર્મો - સપ્તાહ'
'ભાજપી રાજ્યો'

ચિંતન

અભ્યાસાદ્ધાર્યતે વિદ્યા કુલં શીલેન ધાર્યતે ।
ગુણેન જ્ઞાયતે ત્વાર્યઃ કોપો નેત્રેણ ગમ્યતે ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

વિદ્યાની પ્રાપ્તિ નિરંતર અભ્યાસથી થાય છે. અભ્યાસથી વિદ્યા પ્રાપ્ત થાય છે. ઉત્તમ ગુણ અને સ્વભાવથી કુળનું ગૌરવ અને યશ સ્થિર રહે છે. મનુષ્યની આંખો જોઈને ક્રોધનું જ્ઞાન થાય છે.

ઉત્તમ વિદ્યા નિત્ય પ્રયત્ન કરવાથી પ્રાપ્ત થાય છે. કુળનું ગૌરવ શ્રેષ્ઠ ગુણોથી વધે છે. ક્રોધ આવવા પર વ્યક્તિની આંખો લાલ થાય છે જેનાથી ક્રોધનો સંકેત મળે છે.

સુવિચાર

- મુન્નસર સા ગુરુર ભી જરૂરી હૈ જીને કે લીયે,
  જયારા ઝુક કે મિલો તો દુનિયા પીઠ કો પાયદાન બના લેતી હૈ - **ગુલઝાર**
- આશા કોઈ જ કારણની ઓશિયાળી નથી હોતી અને હકીકતે આશા ના કોઈ માબાપ હોતા જ નથી. દરેક માણસે તેને દત્તક જ લીધી હોય છે - **પાબ્લો નેરૂદા**
- માણસ જાતે સ્વચ્છ રહે તે પૂરતું નથી.
  પૃથ્વી પાણી અને અગ્નિ વગેરે કુદરતની ભેટોને પણ સ્વચ્છ રાખવી જોઈએ - **અષો જરથુષ્ટ્ર**
- જિંદગી આવાગમનની રેલ છે, તે છતાંય માનવી ગાફેલ છે - **પ્રવિણ કુવાવાલા**
- દુઃખ વગર બોલાવ્યું આવે છે, સુખ આગ્રહથી રોકવા માંગીએ તો પણ રોકાતું નથી - **જીવન પાયેચ**
- સંબધમાં પણ શ્રદ્ધા હોવી જોઈએ, શ્રદ્ધામાં ઘટાડો થાય એ સાથે સંબંધનું પોત પાતળું પડવા લાગે છે. સંબધને સક્ષમ રાખવા માટે એને સ્નેહથી સીંચતા રહેવું પડે છે - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- આજનું ઔષધ : જીરા સાથે સાકર મેળવી ચાવી ચાવીને ખાવાથી પેટના અસહ્ય દુઃખાવામાં ફાયદો થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પાગલખાનામાં એક ડૉકટર સૌ પાગલને તપાસતો હતો. એણે જોયું તો એક પાગલ દિવાલ પર કાન રાખીને એકાગ્રતાથી કંઈક સાંભળતો રહ્યો હતો. બીજો પાગલ તેની પાસે ગયો અને પૂછ્યું. 'શું કરે છે ?' પહેલા પાગલે કહ્યું, 'ચૂપ!! કાંઈ બોલતો નહીં...!! તું પણ કાન માંડ....!! તું પણ સાંભળ...!!' બીજાએ પણ દિવાલ પર કાન માંડ્યા. ત્રીજાએ ચોથાએ એમ કરતાં પચીસ જેટલા પાગલ દિવાલ પર કાન માંડી કંઈક સાંભળવામાં મશગુલ થઈ ગયા. પેલા ડૉકટરને પણ આશ્ચર્ય થયું. તેણે એકને પૂછ્યું, 'તમે આ શું કરી રહ્યા છો ?' એક પાગલે કહ્યું, 'ચૂપ...!! તું પણ આવ...!!' હવે ડૉકટરથી રહેવાયું નહીં. એને પણ જાણવાની ઈચ્છા થઈ કે જરૂર કંઈક છે. ડૉકટર દિવાલ પાસે જઈ આજુબાજુ જોયું કે મને કોઈ જોવા વાળું તો નથી એટલે હું પણ કાન માંડી જોઉં કે ખરેખર કંઈ સંભળાય છે?! પાંચ મિનિટ થઈ પણ કંઈ સંભળાયું નહીં. ત્યારે ડૉકટરે કહ્યું, 'અરે... કાંઈ સંભળાયું તો નથી. ત્યારે પેલા પચીસ પાગલોએ કહ્યું, 'અમે પણ એ જ કહી રહ્યા છીએ કે કાંઈ સંભળાતું નથી.'' સાર એ છે કે જયાંથી કંઈક સંભળાય ત્યાં તમારા કાન રાખો. દિવાલ સરસા કાન ન રાખો, ગુરુદ્વારા પાસે કાન રાખો. જયાં દ્વાર હશે ત્યાં જ કંઈક સંભળાશે, જયાં દિવાલ હશે ત્યાં કંઈ જ નહીં સંભળાય.

નવરાત્રીની મર્યાદિત ઉજવણી પણ ખતરાથી ખાલી નથી જ

તંત્રીસ્થાનેથી...

રૂમઝૂમ કરતી નવલી નવરાત્રી આવી રહી છે. ખેલૈયા પૂરા તેર મહિનાથી એની રાહ જોતા બેઠા છે. તેર એટલા માટે કે આ વર્ષે અધિક માસ આવ્યો છે ! આમ તો અત્યારે નવરાત્રી જ નહીં, શરદપૂનમ પણ ઊજવાઈ ચૂકી હોત. સૌર કેલેન્ટર સાથે તાલ મેળવવા આપણા પ્રકાંડ ખગોળશાસ્ત્રીઓએ અજબગજબનું ગણિત માંડી ચંદ્ર અને સૂર્ય - બેઉનો સમન્વય સાધતું ભારતીય પંચાગ રચી જાણ્યું છે. પાશ્ચાત્ય સૌર વર્ષની સાથે એ વર્ષો પૂર્વે શોધાયેલું સૌર-ચંદ્ર ભારતીય વર્ષ પૂરી વૈજ્ઞાનિક ગણતરી પૂર્વક દર ઓગણીસ વર્ષે એજ તિથિ અને તારીખનો મેળ સાધે છે. ગુજરાત અને સવિશેષ તો ગરવી ગુજરાતણો માટે નવરાત્રી એ વર્ષનો સૌથી મહામૂલો આનંદ-ઉલ્લાસનો ઉત્સવ છે. પૂરાં નવ દિવસ સુધી જગજનનીની રાધિ આરાધનાનું આ પર્વ દુનિયાનો સૌથી લાંબો સમય ચાલતો નૃત્યોત્સવ છે. દેશમાં જુદાજુદા ભાગોમાં એ જુદી જુદી રીતે સ્થાપિત થયો છે. ગુજરાતની નવરાત્રી એ જ બંગાળની દુર્ગાપૂજા છે. અને આ બેઉ મહત્ત્વના પ્રદેશો આમ જુઓ તો દેશના પૂર્વ અને પશ્ચિમ કિનારા પર વસેલા બૌદ્ધિક અને આર્થિક સંપત્તિનો સમન્વય કરતા પ્રદેશો છે. ગાંધી અને ટાગોર એના પ્રતીક પુરુષો છે. એમણે તો બે પ્રદેશોને સાંધી જાણ્યા હતા. સાબરમતી આશ્રમ અને શાંતિનિકેતન એકમેકના પૂરક બની રહ્યા હતા. એ બેઉ વિભૂતિઓના અગ્રજ સમા સ્વામી વિવેકાનંદને વિશ્વપ્રસિદ્ધિ અપાવવામાં સૌથી અગત્યનો ફાળો ગુજરાતનો હતો. લીંબડીના મહારાજ અને પોરબંદરના મહારાજ ઉપરાંત આપણા પંડિતયુગના મહાન સર્જક મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ એ અકિંચન બંગાળી સાધુને અમેરિકાના શિકાગો ખાતે યોજાનારી ધર્મસભામાં જવાની પ્રેરણા આપી એટલું જ નહીં, એ માટેની આર્થિક સુવિધા પણ કરી આપી હતી. આટલા વર્ષો પછી બંગાળમાં રવીન્દ્રનાથ અને ગુજરાતમાં ગાંધી ભૂંસાયા કે ભુલાયા નથી. વિવેકાનંદ કાલીની સાથે મુખોમુખ વાત કરતા રામકૃષ્ણ પરમહંસના શિષ્ય અને વારસદાર તરીકે અત્રતત્રસર્વત્ર પોંખાતા રહ્યા છે. આ બેઉ પ્રદેશોને સાંકળતી શક્તિપૂજા- દૂર્ગાપૂજાનું પર્વ કોરોનાકાળ વચ્ચે પણ પ્રજાને આકર્ષે છે. પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દુર્ગાપૂજાની ઉલ્લાસભેર ઉજવણી માટે સરકારી તિજોરી ખુલ્લી મૂકી છે. ગુજરાતમાં પણ સરકારે ઘણી અવઢવને અંતે શેરી ગરબાઓની છૂટ આપવી પડી છે. બેઉ રાજયો અલબત્ત, કોરોના સામેનાં તમામ સુરક્ષાત્મક પગલાંનાં ચોકસાઈપૂર્વકના અમલ માટે પ્રયાસ કરશે. પરંતુ લાખ રૂપિયાનો સવાલ એ છે કે શું 'મર્યાદિત છૂટ' નો પ્રજાજનો મર્યાદાપૂર્વક ઉપયોગ અને અમલ કરી શકશે ? મોટાં આયોજનો બંધ રહેતાં એ જ ખેલૈયા રંગેચંગે શેરીઓમાં જઈને મસ્તીથી નહીં ઝૂમે ? બસો માણસોની સંખ્યા કદાચ પોલીસના માણસો ગણતા રહેશે તો પણ એમને ગરબે રમતા અને ઝૂમતા જોવા બીજા બસો માણસો ટોળે નહીં વળે ? માસ્ક અને સોશિયલ ડિસ્ટંસવાળા નિયમોનું યુવક-યુવતીઓ સભાનતાપૂર્વક પાલન કરી શકશે ? આવા અનેક સવાલો તો ઊભા થવાના જ છે. જેમ રાજકીય રેલીઓ, ધરણાં સંદર્ભે લોકો કોરોનાકાળની નિયમાવલી અદ્ધર કરી દઈ ભીડ જમાવે છે એમ નવરાત્રીનાં પંડાલો કે શેરી ગરબામાં સોશિયલ ડિસ્ટંસના ધજાગરા ના ઊડે તો જ નવાઈ. કોરોના લખ વાનાં છતાં ધીમો નથી પડ્યો. એ ખપ્પરજોગણીની જેમ રોજેરોજ ભોગ લેતો જ રહે છે. સરકારે હાઈકોર્ટ સમક્ષ લાચાર થઈને કબૂલવું પડે છે કે સાચા આંકડા જાહેર કરવાથી પ્રજામાં દહેશત ફેલાવાની સંભાવના છે તેથી અમારે ખોટા આંકડા જાહેર કરવા પડે છે ! - શું રાજય સરકાર શહેરનો ધસારો શેરી ગરબા નિમિત્તે ગ્રામ્ય વિસ્તારોમાં નહીં જ થાય એની તકેદારી રાખી શકશે ? અનેક સવાલો વચ્ચે નવરાત્રી પર્વ આવી રહ્યું છે ત્યારે યુવા પેઢીના પગમાં ઊગેલા થનગનાટ કે વવરાટને નાથવાનો કારગત કીમિયો સરકાર કયાંથી લાવશે તે પ્રશ્ન તો રહેવાનો જ. દિવાળી અને બેસતા વર્ષે અત્યારની સરખામણીએ કોરોનાના કેસ અને મૃત્યુઆંક ઘટવો જોઈએ; બની શકે કે નવરાત્રી જ એમાં આડખીલીરુપ સાબિત થાય !

મને આજ સમજાયું કે અસલી ખુશી મેળવવામાં નહીં કોઈને આપવામાં છે

નવાં કલેવર
નટવર હેડાઉ

વૈશાલી તેની દીકરી કૃપાલીને સ્કૂલેથી લઈને આવી રહી હતી. ચોમાસમાં રોડમાં પડી ગયેલા ખાડાઓથી સ્કૂટીને બચાવતી આગળ વધી રહી હતી. ત્યાં અચાનક એક કાર તેના તરફ ધશી આવી. વૈશાલી ગભરાઈ ગઈ. સ્કૂટીને બાજુમાં લેવાં જતા સ્લીપ થઈ ગયું. તેણે માંડ પગ ટેકવ્યો. કાર ખાડામાં ભરાયેલા પાણીની જોરધાર છાલક ઉડાડતી પસાર થઈ ગઈ. વૈશાલીનો પગ મચકોડાઈ ગયો અને હાથમાં પણ સ્હેજ છોલાઈ જતાં લોહી વહેવા લાગ્યું. જો કે સદ્નસીબે નાની કૃપાલી હેમખેમ બચી ગઈ.

તેને પડેલ જોઈ આજુબાજુના લોકો એકઠા થઈ ગયા. તેઓ તેને મદદ કરવા માંગતા હતા. તેવામાં વૈસાલીની કામવાળી બાઈ રાધાએ તેને દૂરથી જોતાં તે દોડીને આવી. ટેકો દઈ તેને વૈશાલીને ઊભી કરી. અને ખભાનો સહારો દઈ પોતાના ઘરે લઈ ગઈ.

ઘેર પહોંચીને રાધાએ પોતાની સાડીના પાલવના છેડે ગાંઠવાળી બાંધેલ પચાસની નોટ કાઢી અને તેના દીકરા રાજુને દૂધ, બૈંડેજ તેમજ એન્ટી સેપ્ટીક ક્રીમ લેવા મોકલી દીધો. અને તેની દીકરી સોનાને પાણી ગરમ કરવાનું કહ્યું. તેણે વૈશાલીને ખુરશીમાં બેસાડી અને ઠંડુ પાણી પાયું. તે દરમિયાન ચૂલે મૂકેલ પાણી ગરમ થઈ ગયું હતું. ઘાવ ને ગરમ પાણીની સારી રીતે ધોઈને સાફ કર્યા. અને વૈશાલીને તેણે એક નવો ટૂવાલ અને નવું ગાઉન આપ્યું. તેણે ટૂવાલથી વૈશાલીનું આખું શરીર લુંછી આપી પ્રાથમિક સારવાર કરી.

હવે વૈશાલીને જરાક સારું લાગ્યું. રાધા બોલી. 'આ ગાઉન મેં થોડા દિવસ પહેલાં જ ખરીદ્યું છે. પણ આજ સુધી પહેર્યું નથી મેડમ ! તમે આ પહેલી લો અને થોડીવાર આરામ કરો.'

'તમારા કપડાં બહુ ગંદા થઈ ગયા છે. હું તેને ધોઈને સુકવી દઉં છું. પછી તમે કપડાં બદલી લેજો.'

વૈશાલી ગાઉન પહેરીને બાથરુમની બહાર આવી ગઈ. રાધાએ ઝટપટ કબાટમાંથી એક નવી ચાર કાઢી અને પલંગ પર બિછાવી દીધી. તે દરમિયાન તેની દીકરી ગરમ દૂધ લઈને આવી. રાધાએ દૂધમાં ચમચી ભરી હળદર નાંખી અને ગ્લાસ વૈશાલીને આપ્યો. પણ વૈશાલીનું ધ્યાન હવે પોતાના તન પર નહીં પણ મન પર હતું. તેના મનમાં ઘા એક એક કરીને પીડા આપી રહ્યા હતા. તે વિચારવા લાગી કે 'કયાં હું અને કયાં આ રાધા ? જે રાધાને હું જૂના ફાટેલા કપડાં આપતી તેણે આજે મને નવો ટુવાલ અને નવું જ ગાઉન આપ્યું, અને મારી માટે નવી ચાર પાથરી દીધી. રાધા તું ધન્ય છે?'

આવું બધું વિચારતી વૈશાલીનું હૈયું, આત્મગ્લાનિથી ભરાઈ આવ્યું. તેનું મન દુઃખ અને પસ્તાવાથી પીગળી રહ્યું હતું. તેની નજર રાજુના પગ પર ગઈ તે લંગટાઈ રહ્યો હતોય

વૈશાલીએ રાધાને પૂછ્યું, 'રાધા આના પગને શું થયું છે. તેનો ઈલાજ નથી કરાવતી ? રાધાએ ખુબ જ દુઃખ ભર્યા શબ્દોમાં કહ્યું, 'મેડમ તેના પગનું આપરેશન કરાવવાનું છે. જેનો ખર્ચ લગભગ દશ હજાર રૂપિયા જેટલો થાય તેમ છે.'

મેં અને રાજૂના બાપે રાત દિવસ મહેનત કરીને પાંચ હજાર તો ભેગા કર્યા છે. પાંચની હજુ જરૂર છે. અને ઘણી કોશિશ કરી પણ કયાંયથી મળી ન શક્યા એ તો ઠીક છે. ભગવાન પર ભરોસો છે. તે આપશે ત્યારે ઈલાજ થઈ રહેશે.

તે વખતે વૈશાલીને યાદ આવ્યું કે રાધાએ એકવાર તેની પાસે પાંચ હજાર એડવાન્સ માંગેલા જેની તેણે બહાનું કાઢી ના પાડી દીધેલી. આજ એ જ રાધા તેના સાડીના પાલવના છેડે બાંધેલા બધા રૂપિયા મારા માટે ખર્ચીને ખુશ હતી. અને મારી પાસે પૈસા હોવા છતાં મેં ઈન્કાર કરી દીધેલો.

વૈશાલીએ એજ વખતે રાધાના ઘરમાં જે જે ચીજોનો અભાવ વર્તાતો હતો. તેનું મનોમન લીસ્ટ પોતાના મગજમાં બનાવ્યું. થોડીવારમાં તેને સારું થઈ ગયું. તેને કપડાં બદલ્યાં પણ પેલું ગાઉન પોતાની પાસે જ રાખ્યું. અને રાધાને કહ્યું 'આ ગાઉન મારી જિંદગીની અણમોલ ભેટ છે.'

રાધા બોલી, 'મેડમ, આ તો બહુ હલકી રેંજનું છે.' રાધાની વાતનો વૈશાલી પાસે પાસે કોઈ જવાબ ન હતો. તે ઘરે આવી. આખી રાત તે સૂઈ ન શકી. તેણે તેની બહેનપણીના પતિ જે અસ્થિરોગના નિષ્ણાત હતા તેની પાસે રાજુને બતાવવા સમય લીધો. અને રાધાની જરૂરિયાતનો બધો સામાન ખરીદ્યો. તે સામાન લઈને રાધાને ઘેર પહોંચી.

રાધાને સમજ ન પડી કે આટલી બધી

અનુસંધાન પાના નં. ૭ પર

સંબંધો : વ્યક્તિએ નિર્ણય લેવો જ પડે કે પોતે પાંડવ પક્ષે છે કે કૌરવ પક્ષે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

ભારતીય સિનેમા ઉદ્યોગના એક તેજપુંજ એવા સ્વ. રાજ કપૂરને ત્રણ પુત્રો. સૌથી નાના રાજીવ કપૂર. વચ્ચેના ઋષિ કપૂર અને સૌથી મોટા રણધીર કપૂર. ઋષિ કપૂર ફિલ્મોમાં સફળ થઈ શક્યા એટલા અન્ય બે ભાઈઓ ફિલ્મોમાં સફળ ના થઈ શક્યા, રણધીર કપૂરે કેટલીક ફિલ્મોમાં અભિનય આપ્યો અને તેમાથી કેટલી ફિલ્મો સફળ પણ થઈ. રણધીર કપૂરે ત્રણ ફિલ્મોનું નિર્દેશન પણ કર્યું.

કપૂર કુટુંબની સાથે નજીકનો સંબંધ ધરાવતા એક લેખક અને ફિલ્મી પત્રકારનાં મંતવ્ય અનુસાર રાજ કપૂરના કુટુંબમાં રાજ કપૂરની પત્નિ કૃષ્ણા કપૂર પછી જો કોઈ અન્ય વ્યક્તિએ પોતાના કુટુંબ પ્રત્યેનું સંપૂર્ણ કર્તવ્ય નિભાવ્યું હોય તો એ વ્યક્તિ છે રણધીર કપૂર. કૃષ્ણા કપૂર સંપૂર્ણપણે પોતાના કુટુંબ પ્રત્યે સમર્પિત હતા અને એ ગુણો રણધીર કપૂરને વારસામાં મળ્યા. રણધીર કપૂરે પોતાના કુટુંબ પ્રત્યેની બધી જ ફરજો સંપૂર્ણ નિષ્ઠાથી બજાવી પરંતુ તેમનો સ્વભાવ એવો કે જિંદગીરૂપી આ જાનમાં તેમણે દુલ્હા બનવાને બદલે હંમેશા નાચવા ગાવાવાળા જાનૈયા બનવાનું જ પસંદ કર્યું. તેમણે સફળતા શાસિત સમાજનાં ખોટા મૂલ્યોનો ક્યારેય સ્વીકાર ના કર્યો. એ લેખકના મંતવ્ય અનુસાર કુટુંબ પ્રત્યેની ફરજ નિભાવવાની પ્રક્રિયા દરમિયાન રણધીર કપૂરે એક મોટી ભૂલ એ કરી કે તેમણે પોતાની જાતને હંમેશા તટસ્થ બનાવી રાખી. બીજા શબ્દોમાં એવું કહી શકાય કે રણધીર કપૂરે પૂરવેગે વહી જતાં પ્રવાહની સામે તરવાને બદલે તેમણે હંમેશા પ્રવાહની સાથે વહેતા રહેવાનું પસંદ કર્યું.

થોડા સમય પહેલા કપૂર પરિવારે રાજકપૂરનો આર. કે. સ્ટુડિયો વેચવાનો નિર્ણય લીધો. એવું કહેવાય છે કે રણધીર કપૂર પોતાના મનથી એવું ઈચ્છતા ન હતા એ કે પોતાના પિતાની સ્વપ્રભૂમિ વેચાય જાય પણ એ સમયે રણધીર કપૂરે તેનો સ્પષ્ટ રીતે વિરોધ ના કર્યો પણ મૂક રહીને તટસ્થ રહ્યા. આમ થવાને કારણે રાજકપૂરની કર્મભૂમિ એવો આર. કે. સ્ટુડિયો વેચાઈ ગયો.

એવું પણ કહેવાય છે કે રણધીર કપૂરે કુટુંબના કોઈપણ પ્રશ્નોમાં ક્યારેય કોઈનો પક્ષ ના લીધો કે કોઈનો ખુલ્લીને વિરોધ પણ ના કર્યો. મતલબ કે કુટુંબના કોઈપણ પ્રકારની સમસ્યાઓને હલ કરતી વખતે પોતાનો અંગત અભિપ્રાય ક્યારેય વ્યક્ત ના કર્યો કે પોતાનો એક ઠોસ નિર્ણય પણ ના આપ્યો. તેમણે હંમેશા તટસ્થ રહેવાનો જ પ્રયત્ન કર્યો. રણધીર કપૂરના આ પ્રકારના સ્વભાવને કારણે કપૂર કુટુંબને અને રણધીર કપૂરને ખુદને ઘણીવાર ઘણું વેઠવું પડ્યું.

તટસ્થતા માત્ર એક પરિકલ્પના છે. તટસ્થતા એક સ્રૂઝ્ઁ સિવાય કશું જ નથી. પૂરા મનથી વ્યક્તિ ક્યારેય, કોઈપણ પરિસ્થિતિમાં તટસ્થ રહી શકતી નથી. જો કોઈ વ્યક્તિ એવું માનતી હોય કે પોતે તટસ્થ છે તો એ વ્યક્તિના ભ્રમ સિવાય કશું જ નથી. કોઈપણ મહિનાનો કોઈપણ દિવસ લ્યો, કાં તો એ શુક્લપક્ષમાં હોય ને કાં તો એ કૃષ્ણપક્ષમાં હોય. એવી જ રીતે કોઈપણ વ્યક્તિ પણ પોતાના મનથી તો કાં તે કોઈની તરફેણમાં હોય ને કાં તો કોઈની વિરુધ્ધમાં હોય. એ પછી કોઈ વાદ હોય, વિચાર હોય કે વ્યક્તિ હોય. પોતાની જાતને તટસ્થ કહેતી વ્યક્તિ કાં તો પોતાનો પક્ષ સ્પષ્ટ રીતે રજૂ કરી શકતી નથી અથવા તો પોતાના મનની વાત પ્રગટ કરી શકતી નથી. વ્યક્તિની આ પ્રકારની મનોદશા તેમની પ્રકૃતિ પણ હોય શકે અથવા તો તે જાણી જોઈને પણ પોતાની જાતને ખુલ્લીને પ્રગટ ના કરી શકતી હોય.

વ્યક્તિ પોતે તટસ્થ છે એવો ઢંઢેરો પીટતી હોય તેની પાછળનું એક કારણ એ પણ હોય શકે કે વ્યક્તિમાં નિર્ણયશક્તિનો અભાવ હોય. આ પ્રકારની અનિર્ણાયકતાને કારણે વ્યક્તિને તટસ્થ રહેવાની ફરજ પડતી હોય. શેક્સપિયર સર્જીત અમર પાત્ર રાજકુમાર હેલ્મેટની જેમ 'ટુ બી ઓર નોટ ટુ બીલ્લ એવા બે વિકલ્પોમાંથી એકપણ વિકલ્પ પસંદ ના કરી શકનારી વ્યક્તિ એ બે વિકલ્પો વચ્ચે સતત ઝોલાં ખાતી રહે છે. આ પ્રકારની માનસિક અવસ્થા એ વ્યક્તિની નબળાઈ સિવાય બીજું કશું જ નથી.

જે વ્યક્તિ પોતાની જાતને તટસ્થ માનતી હોય છે અને પોતે તટસ્થ રહેવાનુ ગૌરવ પણ અનુભવતી હોય છે એ વ્યક્તિ કદાચ એવું માનતી હોય છે કે પોતે તટસ્થ રહીને બંને પક્ષનો વિદ્રોહ કરે છે. વ્યક્તિ જો આ પ્રકારની માન્યતા ધરાવતી હોય તો એ વ્યક્તિનો ભ્રમ માત્ર હોય છે. તટસ્થ રહેવું એ વિદ્રોહ નથી પણ એક પ્રકારની ભ્રમણા છે,

તટસ્થ રહવું એ એક પ્રકારની અનિર્ણાયકતા છે. વ્યક્તિને પોતે જો કોઈપણ પક્ષના ત્રાજવે બેસવું હોય તો તેમણે મક્કમતાથી, દ્રઢતાથી, હિમ્મતપૂર્વક કોઈ એક પક્ષે નિર્ણય લેવો પડે છે. વ્યક્તિ જ્યારે કોઈપણ પ્રકારનો નિર્ણય લે છે ત્યારે તે એક પ્રકારનું માનસિક તાણ અનુભવતી હોય છે. 'ટુ બી ઓર નોટ ટુ બીલ્લ જેવા બે વિકલ્પોમાથી એક વિકલ્પ પસંદ કરવાની પ્રક્રિયા દરમ્યાન વ્યક્તિએ પોતાના શરીરના સ્નાયુઓ અને મગજની નસોને ખેંચવી પડતી હોય છે. બંને પક્ષના લેખાં-જોખાં કરવા પડતાં હોય છે. ક્યારેક બેમાંથી કોઈ એક પક્ષનો ખોફ પણ વહોરવો પડતો હોય છે અને ક્યારેક કેટલાક પ્રકારના જોખમો પણ ઉઠાવવા પડતાં હોય છે. તટસ્થતાના અંચળા હેઠળ વ્યક્તિ પોતાની જાતને સલામત મેહસૂસ કરી શકે છે જે સલામતી કદાચ નિર્ણય લીધા પછી નથી મળી શકતી. કોઈ એક પક્ષે નિર્ણય ના કરીને તટસ્થ રહેવું એ એક પ્રકારની ભીરુતા જ છે. કોઈપણ એક પક્ષ તરફી નિર્ણય ના લઈને તટસ્થતાનો ડોળ કરવો એ એક પ્રકારની કાયરતા સિવાય બીજું કશું જ નથી.

હવે ગ્રામીણ બેંકોની જંગી ખોટ જાહેર થઈ : શું કરવું ?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

વિશ્વમાં અને દેશમાં કોરોનાનો કહેર ચાલુ જ છે અર્થાત આ મહામારી જે અદૃશ્ય રહીને લોકોને સંક્રમિત કરે છે તે બંધ થવાના કોઈ ચિહ્નો જોવા મળતા નથી. જે ચીનનું ભયાનક કૃત્ય કહો કે પાપ કહો પરંતુ આખું વિશ્વ ત્રાસી ગયું છે. માનવ જાત ને આટલી મોટી સજા એકસો વર્ષ બાદ મળી છે તેવું જાણકાર લોકો કહી રહ્યા છે. વાસ્તવમાં આ એક કેમિકલ વેપનનો જ પ્રહાર છે જે જાણી જોઈને કરવામાં આવ્યો છે. જેનાથી આર્થિક પાયમાલી જાનહાનિની સાથે ભેટમાં મળી રહી છે. ૨૦૨૦નું વર્ષ જીવન બચાવોના સૂત્રો સાથે આવી પડ્યું છે. હરિની જેવી મરજી ! ઈશ્વરની ઈચ્છા વિના કંઈ જ સંભવ હોતું નથી. વિનાશ કરવાની કુબુદ્ધિ પણ કુદરતની અકલ લીલાનો જ ભાગ હોય છે.

આર્થિક હાલત માર્ચ ૨૦૨૦ પછી સતત બગડતી રહી છે. બજાર બંધ, આવકમાં કમી, બેકારી, અજંપો, આત્મહત્યાઓ એમ સામાજિક જીવન ખુબ પરેશાન થઈ ગયું છે. દેશની જે અર્થવ્યવસ્થા રફતારમાં તેજ ગતિથી ભાગી રહી હતી. તે હાલ કંગાળ અવસ્થામાં છે જે જીડીપી (-૨૪%) ઉપરથી બધા સમજી શકે છે. રિઝર્વ બેંકએ દેશની મધ્યસ્થ બેંગ હોય છે. એ પોતાની મોનેટરી પોલિસી દ્વારા હસ્તક્ષેપ કરી સુધારણા લાવવા હંમેશા પ્રયાસ કરે છે. પરંતુ હવે સ્થિતિ નબળી પડી છે બેકીંગ સેકટર જ ઓક્સિજનના તબક્કે આવી ગયું છે !! જાહેરક્ષેત્રની બેંકોના વિલફુલ ડિફોલ્ટર્સ દ્વારા નાદારી નોંધાવી અરબો-ખરબો રૂપિયા બેંકોના ડૂબી ગયા જેની યાદી બે માસ અગાઉ જાહેર થઈ હતી કાયદાઓ કયાં ગયાં ? - શું આ જ રીતે બેન્કો ચાલી શકે ખરી ? વસૂલાત લોનની આવે જ નહીં તો બેંકો કદી ટકી શકે જ નહીં. આપણી પ્રામાણિકતા જ મરી ગઈ, માનવતા મરી ગઈ, સંવેદના મરી, સહાનુભૂતિ પણ મરી પરવારી એટલે દેશ પતનના માર્ગે ઝડપથી જઈ રહ્યો છે. જાહેરક્ષેત્રની બેંકોને પારસ્પરિક વિલિનીકરણમાં લઈ જઈને માત્ર ચાર બેંકો રાકવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. પરંતુ બેન્કોની સિસ્ટમ અને કાનૂની બદલાવમાં ઉપાયો રહ્યા છે તેને ઝડપથી અમલી કરવાની તાતિ જરૂરિયાત લાગી રહી છે.

અહીં મુખ્ય જે વાત કરવાની છે એ ગ્રામીણ બેન્કોને પણ હવે મહામારીનો ચેપ લાગી ગયો તે વિશેની છે. ૩૧મી માર્ચ ૨૦૨૦ના અંતે ૧૯ ગ્રામીણ બેન્કોએ રૂ. ૪૪૦૬ કરોડની ખોટ કરી જેમનો કુલ બિઝનેર રૂ. ૭.૭૭ લાખ કરોડનો રહ્યો છે. અને ગ્રામીણ બેંકોની કુલ એનપીએ ૧૦.૪ ટકા નોંધાઈ છે. ગત વર્ષ ૨૦૧૯માં આ બેંકોની ચોખ્ખી ખોટ ફક્ત ૬૫૨ કરોડ હતી, ગ્રામીણ બેંકોનું પ્રાયોરિટી સેકટરને ૯૦.૬ ટકા જેવું ધિરાણ નોંધવામાં આવ્યું છે! રિજિયોનલ રૂરલ બેંક RRB એ સ્પોન્સર બેંક, રાજય સરકાર અને કેન્દ્ર સરકારનું એક સંયુક્ત સાહર છે જેને આપણે ગ્રામીણ બેંકના નામથી જાણીએ છીએ. ભારતમાં RRB act 1976 થી આ પ્રકારની બેંકો ભારતીય બેન્કીગમાં ઉમેરવામાં આવી હતી જેનો મુખ્ય ઉદ્દેશ ભારતીય ગ્રામિણ તથા દૂરદરાજના લોકો સુધી નાણાંકીય સમાવેશન તથા બેન્કીંગ સુવિધાઓ પહોંચાડવાનો હતો. મતલબ છેવાડાના આમ નાગરિકને ઘર આંગણે સવલતો મળી શકે આ સિવાય નાની નાની બચતોનું એકત્રીકરણ પણ કરી શકાય. RRB ના કાયદામાં ૧૯૮૭માં કેટલાક સુધારાઓ પણ કરવામાં આવ્યા. જેમાં સ્પોન્સર બેંકો ઉપર જવાબદારીઓ વધુ મૂકવામાં આવી. શરુઆતમાં મર્યાદિત સ્ટાફ અને કામ સાથે શરૂ થતા આ બેંકોને પણ વિકટ પ્રશ્નોનો સામનો કરવાનું આવ્યું. જેમાં ઈન્ટરનેટ આધારિત સિસ્ટમ અને અન્ય કાર્યો પણ કરવાનું આવ્યું જેથી વેતનવૃદ્ધિની વાત આવી.ટૂંકમાં કહીએ તો ગ્રામીણ બેંકો પણ હવે ભીંસમાં આવી ગઈ છે. વધતી જતી નોન પરફોર્મિંગ એસેટ (NPA) ને રોકવા માટેની જે દેશમાં બેન્કોની જરૂરિયાત છે. તેમાં નીચે મુજબની સુધારણા અવશ્ય થઈ શકે તેમ છે. જે કરવાથી પ્રશ્ન હળવો થઈ શકે છે.

● ધિરાણ ખાતેદારની યોગ્ય પસંદગી :

જેમાં વય, લાયકાત, અનુભવ, ધંધાની સૂઝ, માર્કેટ રિપોર્ટ, સિબિલ રિપોર્ટ, પ્રવર્તમાન બેન્કર જો હોય તો ખાનગી રિપોર્ટ, ક્રેડીટ સ્કોર, ત્રણ વર્ષની આવક - જાવક, કર ચૂકવણી વગરે...

● યોગ્ય હેતુ માટે યોગ્ય માત્રામાં ધિરાણ :

દરેક બેંકો આ મુદ્દે ખૂબ જ ભૂલો કરતી રહે છે જેમાં રાજકીય દબાણ, ધાકધમકી,લાલચ, ભ્રષ્ટાચાર, અજ્ઞાનતા, મનસ્વી ચીલાચાલુ કાર્યપદ્ધતિ વગેરેના લીધે બેફામ ધિરાણો થતા રહે છે.

● અપર્યાપ્ત જાત તપાસ :

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા મુજબ સ્થળ ઉપર ધિરાણ મંજૂર કરતા પહેલાં અને લોન વિતરણ થઈ ગયા બાદ જાત તપાસની તથા તેના રિપોર્ટમાં ખુબ કચાશ જોવા મળે છે. એક વખત અયોગ્ય વ્યક્તિ કે એકમનો પ્રવેશ થઈ ગયો પછી તો બધુ કાનૂનની જોગવાઈ મુજબ જ ચાલે છે. આ તબક્કે બેન્કરની જાગૃતિ કૌશલ્ય બહુ જ મહત્ત્વના સાબિત થાય છે.

● લોન પેપર્સની અપુરત